જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૩/૨૦૧૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૬૨૫/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૫ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈન્ગ્લીશ દારૂ, ૨૪૦ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૧૯૨ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૭૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૬૨૬/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

અપહરણઃ-    સમાચાર યાદી નં.૬૨૭/૧૫

નારણપુરા : અંબાલાલ ઉર્ફે કાલુભાઈ મોતીભાઈ ડાભી (ઉ.વ.૪૦)(રહે.રમતુજીની ચાલી, ચંદ્રભાગાનાં ખાડામાં, જુના વાડજ, નારણપુરા) એ તા.૩૦/૩/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૩/૧૫ રાતનાં ૯/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન જુના વાડજ ચાર રસ્તાથી આરોપી અક્ષય રમેશભાઈ દંતાણી (રહે. ભાટા ઔડાનાં મકાનમાં, વેજલપુર) એ અંબાલાની પુત્રી રીટા (ઉ.વ.૧૪) ને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

ઘરફોડ :-    સમાચાર યાદી નં.૬૨૮/૧૫

નરોડા : જયશ્રીબહેન વિરેન્દ્રભાઇ દીદાવાલા (રહે.કર્ણાવતીનગર, અંબેમાતા મંદીર પાસે, નવા નરોડા) એ તા.૩૦/૩/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૬/૩/૧૫ રાતનાં ૮/૦૦ થી તા.૩૦/૩/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧૪૯,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આનંદનગર : ગોવિંદભાઇ અરજણભાઇ ચૌહાણ (રહે.પી એન્ડ ટી સોસાયટી, વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસે, આનંદનગર) એ તા.૩૦/૩/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૭/૩/૧૫ નાં કલાક ૧૨/૦૦ થી તા.૩૦/૩/૧૫ સાંજનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી (૧) એક જોડી ત્રણ તોલા વજનની સોનાની બંગડીઓ કિંમત રૂપિયા ૭૨,૦૦૦/- (૨) એક સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૪,૦૦૦/- (૩) ચાર સોનાની વિંટીઓ કિંમત રૂપિયા ૨૪,૦૦૦/- (૪) એક ચાંદીનું મંગળસુત્ર (૫) કમરનો ચાંદીનો ઝુડો (૬) ગળાનો ચાંદીનો સેટ (૭) ચાદીના બે વાડકા (૮) થાળી, વાડકો અને ગ્લાસનો ચાંદીનો સેટ (૯) બે જોડી ચાંદીના ઝાંઝર મળી ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૧૩,૦૦૦/- તથા રોકડ રૂપીયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપીયા ૧,૪૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

<u>વાહનચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૬૨૯/૧૫</u>

ગોમતીપુર : ફિરોજ ઉસ્માનભાઇ શેખ (રહે. જેઠાલાલની ચાલી, મેલડીમાતાના મંદિર સામે, બહેરામપુરા, દાણીલીમડા) એ તા.૩૦/૩/૧૫ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૩/૧૫ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ગોમતીપુર હાથીખાઇ પોલીસ લાઇનની સામે આવેલ જાહેર શૌચાલયની સામે રોડ ઉપર પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.સી.ઝેડ.૮૯૪૮ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી પોતે શૌચાલયમાંમાં ગયા હતા. જેની કોઇ અજાણી વ્યક્તિ ૧૦ મીનીટમાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જીગ્નેશભાઇ હર્ષદભાઇ ચલાવે છે.

<u>દાઝી જતાં મૃત્યુ :-</u> <u>સમાચાર યાદી નં.૬૩૦/૧૫</u>

દાણીલીમડા : (૧) જાકિરહુસેન બિસમીલ્લામીયા સૈયદ (ઉ.વ.૫૫)(રહે.યુસુફ તનાબક્ષની ચાલી, નવાબનાં બંગલા સામે, શાહઆલમ) તા.૩૦/૧/૧૫ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જાકીરહુસેનનાં પત્ની રેહાનાબાનુ પ્રાયમસ ઉપર રસોઇ બનાવતાં હતા ત્યારે પ્રાયમસમાં ભડકો થતાં રેહાનાબાનુનાં કપડાંમાં આગ લાગી જતાં, જાકિરહુસેન આગ ઓલવવા જતાં પોતે શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૩/૧૫ કલાક ૧૧/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાવજીભાઇ ભીમાજી ચલાવે છે.

દાણીલીમડા : (૨) તારાબહેન પ્રહલાદભાઇ ભીલ (ઉ.વ.૨૪)(રહે.ભીલવાસ, શાહઆલમ ટોલનાકા) તા.૧૦/૩/૧૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દિવેટવાળા પ્રાયમસ ઉપર ચા બનાવી પ્રાયમસને ફુંક મારી ઓલવવા જતાં, ભડકો થતાં તારાબહેન શરીરે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૩/૧૫ નાં કલાક ૧૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આઇ.કે.બોદર ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)